Wednesday
06.08.2025
✳Volume :10 ✳ Issue No.26
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# યુસીસીના અધ્યક્ષ નિવૃત્ત જસ્ટિસ શ્રીમતિ રંજના દેસાઈ અને સભ્યો ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાતે



કમલમ્,
રાજ્યમાં કોમન સિવિલ કોડની આવશ્યકતા ચકાસવા અને કાયદાનો મુસદ્દો તૈયાર કરવા રચવામાં આવેલી કમિટીના અધ્યક્ષ સુપ્રિમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ શ્રીમતિ રંજના દેસાઈ અને પાંચ સભ્યોએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ગાંધીનગરમાં શુભેચ્છા મુલાકાત બેઠક યોજી હતી. આ મુલાકાત બેઠક દરમિયાન તેમણે કમિટિની કામગીરી પ્રગતિની વિગતો મુખ્યમંત્રીશ્રીને આપી હતી. કાયદા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ આ બેઠકમાં સહભાગી થયા હતા. સમિતિના અન્ય સભ્યો નિવૃત્ત વરિષ્ઠ IAS અધિકારી શ્રી સી.એલ. મીના, એડવોકેટ શ્રી આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિશ્રી દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર્તા સુશ્રી ગીતાબેન શ્રોફ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે, કાર્યકારી કાયદા સચિવ શ્રી ઉપેન્દ્ર ભટ્ટ તેમજ વરિષ્ઠ અધિકારીઓ આ શુભેચ્છા મુલાકાત બેઠકમાં જોડાયા હતા.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



ઓગસ્ટ-૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની સીંગતેલ, તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની અગત્યની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | ખાદ્યતેલ (સીંગતેલ તહેવાર નિમિત્તે) | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ લિટર | ૧૦૦ |
| ૨ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૩ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૪ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. / ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૫ | ખાંડ (તહેવાર નિમિત્તે વધારાની) | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | બીપીએલ કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૨૨ |
| ૬ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

ઓગસ્ટ -૨૦૨૫ માસનું વિતરણ તારીખ ૩૧/૦૮/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.




શ્રી કુંવરજીભાઈ બાવળીયા

તેમજ 'My Ration' મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે

ગાંધીનગરમાં ફાર્મા એન્ડ લેબટેક એક્સપો-૨૦૨૫નો પ્રારંભ

## ૨૫,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં પથરાયેલા એક્સપોમાં ૪૦૦થી વધુ એક્ઝિબિટર્સ દવાઓ અને ફાર્મા પ્રોડક્ટ્સ તેમજ ઉત્પાદન મશીનરી-સાધનો પ્રદર્શિત કરશે









### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ત્રિ-દિવસીય એક્સપોનું હેલીપેડ એક્ઝિબિશન સેન્ટરમાં ઉદ્ઘાટન કર્યું

કમલમ્,
દેશના નાના અને મધ્યમ કક્ષાના ફાર્મા મશીનરી, એન્જિનિયરિંગ ઉત્પાદકો અને ફાર્માસ્યુટિકલ્સ ફોર્મ્યુલેશન ઉત્પાદનો, લેબટેકને યોગ્ય પ્લેટફોર્મ

### આરોગ્યમંત્રીશ્રીની વિશેષ ઉપસ્થિતિ

પૂરું પાડતા ફાર્મા એન્ડ લેબટેક એક્સપો-૨૦૨૫નો ગાંધીનગરમાં પ્રારંભ થયો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે એક્સપોનો પ્રારંભ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલની ઉપસ્થિતિમાં કરાવ્યો હતો. તેમણે પ્રદર્શનના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી. ફાર્મા એન્ડ લેબટેક એક્સપોની આ ૨૦માં એડિશનમાં કોનકરન્ટ ઈવેન્ટ્સ, કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ એક્સ્પો અને રો એન્ડ પેકેજિંગ મટિરિયલ એક્સપો ઉમેરવામાં આવ્યા છે. આ ક્ષેત્ર ફાર્માસ્યુટિકલ્સ ઉત્પાદનો, મશીનરી અને સાધનોના પૂરક છે, તેથી ઔદ્યોગિક મુલાકાતીઓ માટે ઉપયોગી થશે.

આ પ્રદર્શન ફાર્માસ્યુટિકલ મશીનરી અને સાધનો ઉત્પાદન ક્ષેત્ર અને ફાર્માસ્યુટિકલ્સ પેકેજિંગ, લેબ અને વિશ્લેષણાત્મક સાધનો, ફાર્માસ્યુટિકલ ફોર્મ્યુલેશન, કોસ્મેટિક્સ, ન્યુટ્રાસ્યુટિકલ અને છે પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. પ્રદર્શન વિસ્તારમાં પંપ, વાલ્વ, પાઈપ અને ફિટિંગ પર એક ખાસ પેવેલિયન પણ પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રી આ એક્સપોનું ઉદઘાટન કર્યું તે અવસરે ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબહેન પટેલ, અખિલ ભારતીય સંત સમિતિ પાળીયાદના શ્રી ભયલુ બાપુ, ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાના પ્રમુખ ડૉ. પ્રશાંત કોરાટ, ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેટરના કમિશનર શ્રી ડૉ. એચ. જી કોશિયા, કેન્દ્ર સરકારના ડેપ્યુટી ડ્રગ્સ કંટ્રોલર ડૉ. રવિકાંત શર્મા, આઈ.ડી.એમ.એ.ના ઈમિડીયેટ પાસ્ટ નેશનલ પ્રેસિડેન્ટ ડૉ. વિરંચી શાહ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,
ભાઈ-બહેનના પ્રેમના પ્રતિક રક્ષાબંધન તહેવાર પૂર્વે બ્રહ્માકુમારી આશ્રમના પુજ્ય કૈલાશ દીદી, તારા દીદી, જુગનું દીદી પાસે કેબિનેટ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરે બંધાવી એમના આશીર્વાદ લીધા.

